RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 101* Date: 07.02.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ચક્કાજામ બાદ ખેડૂત નેતા ટિકૈતનું મોદી સરકારને અલ્ટિમેટમ

# ૨ ઓક્ટોબર સુધી કૃષિ કાયદા પાછા ખેંચી લે સરકાર નહિ તો....



ન્યુ દિલ્હી,તા.૬

કિસાન નેતા રાકેશ ટિકૈતએ શનિવારે કેન્દ્ર સરકારને ૨ ઓક્ટોબર સુધી કૃષિ કાયદો પરત લેવાનું અલ્ટીમેટમ આપ્યુ છે. ચક્કાજામ બાદ દિલ્હી-યૂપી ગાઝીપુર બોર્ડર પર કિસાનોને સંબોધિત કરતા ટિકૈતે કહ્યુ કે, અમે સરકારની સાથે કોઈ દબાવમાં વાતચીત કરીશું નહીં, જ્યારે પ્લેટફોર્મ બરાબરીનું હશે, ત્યારે વાતચીત થશે.

ટિકૈતે ચક્કાજામ બાદ કિસાનોને સંબોધિત કરતા કહ્યુ, 'અમે કાયદો પરત લેવા માટે સરકારને બે ઓક્ટોબર સુધીનો સમય આવ્યો. ત્યારબાદ અમે આગળની યોજના બનાવીશું. સરકાર અમારી વાત સાંભળે, નહીં તો આગામી આંદોલન તે થશે કે જેનું બાળક પોલીસ, સેનામાં હશે, તેનો પરિવાય અહીં રહેશે અને તેના પિતા તેની તસવીર લઈને અહીં બેસસે. ક્યારે તસવીર લઈને આવવાની છે તે પણ હું જણાવી દઈશ. સરકારની સાથે અમે કોઈપણ દબાવમાં વાત નહીં કરીએ.'

ટિકૈતે આગળ કહ્યુ, 'સરકાર બિલ પરત કરે, એમએસપી પર કાયદો બનાવી દે, નહીંતર આંદોલન ચાલુ રહેશે અને અમે દેશમાં યાત્રા કરીશું. દેશભરમાં આંદોલન થશે. અમારૂ બિનરાજકીય આંદોલન દેશભરમાં થશે. પછી તે ન કહેતા કે આ કેવુ

## સરકારની સાથે કોઈ દબાવમાં વાતચીત થશે નહીં, જ્યારે પ્લેટફોર્મ બરાબરીનું હશે, ત્યારે વાત થશે, બિનરાજકીય આંદોલન દેશભરમાં ફેલાશે

આંદોલન છે.'સરકાર પર નિશાન સાધતા ટિકૈતે કહ્યુ, તિરંગાને અમે માનીએ છીએ, અમારા બાળકોની શહીદી તિરંગામાં થાય છે, ગામમાં તિરંગા સાથે આવે છે. તિરંગાનું અપમાન સહન થશે નહીં. તેને દેશ સાથે લગાવ નથી, વેપારી સાથે લગાવ છે. તેને કિસાન સાથે લગાવ નથી, તેના અનાજ સાથે લગાવ છે. તેને માટી સાથે લગાવ નથી, તેને અન્ન સાથે લગાવ છે. તે ખિલ્લા લગાવશે, અમે અનાજ ઉત્તપન્ન કરીશું. તેમણે કહ્યું કે, અમે વાતચીત માટે તૈયાર છીએ, પરંતુ શરતની સાથે વાતચીત થશે નહીં. જ્યારે પ્લેટફોર્મ બરાબર હશે, ત્યારે વાત થશે. કોઈ ટ્રેક્ટર લઈને અહીં આવે છે તો નોટિસ ફટકારવામાં આવી રહી છે. આ ક્યાંનો કાયદો છે કે ટ્રેક્ટર ચાલશે નહીં. તમને જણાવી દઈએ કે આંદોલનકારી કિસાનોએ આજે ૩ કલાક ચક્કાજામની જાહેરાત કરી હતી, તે હેઠળ બપોરે ૧૨થી ૩ કલાક સુધી કિસાનોએ દેશભરમાં હાઈવેને જામ કર્યો હતો.

# વડાપ્રધાન મોદી આજે આસામ અને પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે



### ૩૪૮ કિમીનો દોભી- દુર્ગાનગર કુદરતી વાયુ પાઈપલાઈન સેક્શન પણ રાષ્ટ્રને સમર્પિત કરશે

ન્યુ દિલ્હી,તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૭ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ આસામ અને પશ્ચિમ બંગાળ, બંને રાજ્યોની મુલાકાત લેશે. સવારે લગભગ ૧૧:૪૫ વાગે પ્રધાનમંત્રી આસામના સોનિતપુર જિલ્લામાં ધેકીઆજુલી ખાતે બે હોસ્પિટલોનો શિલાન્યાસ કરશે અને 'આસોમ માલા' નામના એક રાષ્ટ્રીય ધોરીમાર્ગ તેમજ મુખ્ય જિલ્લા માર્ગોના કાર્યક્રમનો પ્રારંભ કરશે. ત્યારબાદ, બપોર પછી લગભગ ૪:૪૫ કલાકે તેઓ પશ્ચિમ બંગાળના હલ્દીઆ ખાતે કેટલીક મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે અને કેટલીકનો શિલાન્યાસ કરશે.પ્રધાનમંત્રી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા બાંધવામાં આવેલું ન્ૅય આયાતનું ટર્મિનલ રાષ્ટ્રને સમર્પિત કરશે. અંદાજે રૂપિયા ૧૧૦૦ કરોડના ખર્ચે આનું નિર્માણ કરવામાં આવ્યું છે અને તે વાર્ષિક ૧ મિલિયન મેટ્રિક ટનની ક્ષમતા ધરાવે છે. તેના કારણે પશ્ચિમ બંગાળ તેમજ પૂર્વોત્તર ભારતના અન્ય રાજ્યોમાં ન્ૅયની વધતી માંગને સંતોષી શકાશે અને ભારતમાં પ્રત્યેક પરિવાર સુધી રસોઇ માટે સ્વચ્છ ઈંધણરૂપે ન્ૅય પૂરું પાડવાની પ્રધાનમંત્રીની દૂરંદેશીની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.

પ્રધાનમંત્રી આ પ્રસંગે ૩૪૮ કિમીનો દોભી- દુર્ગાનગર કુદરતી વાયુ પાઈપલાઈન સેક્શન પણ રાષ્ટ્રને સમર્પિત કરશે જે પ્રધાનમંત્રી ઉર્જા ગંગા પરિયોજનાનો એક હિસ્સો છે. 'એક રાષ્ટ્ર, એક ગ્રીડ'નું લક્ષ્ય પ્રાપ્ત કરવાની દિશામાં આ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ છે.

લગભગ રૂપિયા ૨૪૦૦ કરોડના રોકાણથી બાંધવામાં આવેલી આ પાઈપલાઈનથી એચયુઆરએલ સિન્દરી (ઝારખંડ) ખાતર પ્લાન્ટને ફરી શરૂ કરવામાં મદદ મળશે, તેનાથી દુર્ગાપૂર (પશ્ચિમ બંગાળ)માં મેટિક્સ ખાતર પ્લાન્ટમાં ગેસનો પૂરવઠો પૂરો પાડી શકાશે અને રાજ્યમાં ઔદ્યોગિક, વ્યાપારિક અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં તેમજ તમામ મુખ્ય શહેરોમાં ગેસ વિતરણની જરૂરિયાતોને પણ પૂરી કરી શકાશે.

# ખેડૂત આંદોલનઃ યુએન માનવાધિકાર સંસ્થાએ શાંતિપૂર્ણ પ્રદર્શનોનો બચાવ કર્યો

યુએન,તા.૬

છેલ્લા ૭૩ દિવસથી દિલ્લી પાસેની સીમાઓ પર ખેડૂતોનુ આંદોલન ચાલી રહ્યુ છે. ખેડૂતોએ સ્પષ્ટ કરી દીધુ છે કે જ્યાં સુધી નવા કૃષિ કાયદાને પાછા લેવામાં નહિ આવે ત્યાં સુધી તેમનુ આંદોલન ચાલુ રહેશે. પહેલા ગણતંત્ર દિવસ પર ખેડૂતોએ ટ્રેક્ટર રેલી કાઢી. એ દરમિયાન લાલ કિલ્લા સહિત દિલ્લીના ઘણા વિસ્તારોમાં જોરદાર હિંસા થઈ. ત્યારબાદ હવે આજે ખેડૂતોએ ચક્કાજામનુ એલાન કર્યુ છે. આ દરમિયાન શુક્રવારે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકારે પણ ખેડૂત આંદોલન વિશે ટ્વિટ કર્યુ. સાથે જ બધાને સંયમ રાખવાની અપીલ કરી.સંયુક્ત માનવાધિકારે પોતાના અધિકૃત ટ્વિટર હેન્ડલ પર લખ્યુ કે અમે ભારતના બધા અધિકારીઓ અને પ્રદર્શનકારીઓને અપીલ કરીએ છીએ કે તે ખેડૂત આંદોલન દરમિયાન વધુને વધુ સંયમ રાખે. અભિવ્યક્તિની આઝાદી શાંતિપૂર્વક ઑફલાઈન કે ઑનલાઈન રીતે સંરક્ષિત કરવી જોઈએ. બધા લોકો માટે આ મામલે યોગ્ય સમાધાન શોધવુ જરૂરી છે.

તમને જણાવી દઈએ કે ખેડૂતોએ દિલ્લી પોલિસને ગણતંત્ર ટ્રેક્ટર રેલી કાઢવા માટે મંજૂરી માંગી હતી. ઘણા દોરની વાતચીત બાદ પોલિસે નક્કી રૂટ પર રેલીની મંજૂરી આપી. આ દરમિયાન મોટી સંખ્યામાં ઉપદ્રવી ટ્રેક્ટર્સની સાથે લાલ કિલ્લા સુધી પહોંચી ગયા અને ત્યાં જોરદાર હિંસા કરી. સાથે જ લાલ કિલ્લા પર નિશાન સાહિબ લહેરાવી દીધુ. આ હિંસામાં એક વ્યક્તિનુ મોત થઈ ગયુ જયારે ૪૦૦થી વધુ પોલિસકર્મી ઘાયલ થઈ ગયા હતા.

### ટ્રમ્પ માટે આ પ્રકારની ગુપ્ત જાણકારીઓ હોવાનો કોઈ અર્થ નથીઃ બાઈડન

# અમેરિકામાં ઐતિહાસિક નિર્ણયઃ બિડેન પૂર્વ પ્રમુખ ટ્રમ્પને કોઈ ગુપ્ત માહિતી નહીં આપે

વોશિંગ્ટન,તા.૬

અમેરિકાના ઈતિહાસમાં પહેલીવાર કોઈ હારેલા રાષ્ટ્રપતિને ક્લાસીફાઈડ ઈંટેલિજેંસ બ્રીફિંગ નહીં આપવામાં આવે. અમેરિકાના વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડને ખુદ આ વાતની જાણકારી આપી હતી. અમેરિકામાં એક શિષ્ટાચાર છે કે, હારેલા રાષ્ટ્રપતિને પણ ગુપ્ત જાણકારીઓ મળે છે, પરંતુ આ વખતે આમ નહીં થાય. બાઈડને કહ્યું છે કે, મારૂ માનવું છે કે, ટ્રમ્પ માટે આ પ્રકારની ગુપ્ત જાણકારીઓ હોવાનો કોઈ અર્થ નથી.

બાઈડનને એક વાતચીત દરમિયાન પુછવામાં આવ્યું હતું કે, તેમને શું કોઈ વાતનો ડર સતાવી રહ્યો છે? હકારમાં જવાબ આપતા બાઈડને કહ્યું હતું કે, હું નથી ઈચ્છતો કે, આ મામલે કોઈ અનુંમાન લગાવવામાં આવે પણ એ વાત ચોક્કસ છે કે, ટ્રમ્પ આ પ્રકારની કોઈ પણ ગુપ્ત જાણકારી નહીં મળે.બાઈડને આગળ ઉમેર્યું હતું કે, હું વિચારૂ છું કે, ટ્રમ્પને કોઈ પણ પ્રકારની ઈન્ટેલિજન્સ બ્રિફિંગ આપવાની કોઈ જરૂર નથી. તેમણે સામેથી સવાલ પુછતા કહ્યું હતું કે, શું તેમને જાણકારી આપવાનો કોઈ અર્થ છે ખરો? તેમને આ જાણકારી આપવાની શું અસર પડી. આમ પણ તેઓ સત્યને તોડી મરોડી નાખે ચે અને કંઈ પણ નિવેદન આપે છે.વ્હાઈટ હાઉસ પ્રેસ સેક્રેટરી જેન સાકીએ આ સપ્તાહની શરૂઆતમાં આ મામલે કહ્યું હતું કે, ડોનાલ્ડ ટ્રમ્પને ગુપ્ત જાણકારી આપવામાં આવશે કે કેમ તેના પર હજી ચર્ચા ચાલી રહી છે. કેટલાક ડેમોક્રેટિક સાંસદ અને ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનના પૂર્વ અધિકારીઓએ પણ ટ્રમ્પને આ પ્રકારની જાણકારી આપવાને લઈને સવાલ ઉભા કર્યા હતાં.

### ભાજપ અધ્યક્ષ નડ્ડાએ ૩૫ ખેડૂતો સાથે ખીચડી ખાધી

# બંગાળના લોકોએ ફોઈ(મમતા) અને ભત્રીજાને બાય-બાય કહેવાનું નક્કી કરી લીધું છેઃ નડ્ડા

કોલકાત્તા,તા.૬

દિલ્હીમાં ખેડૂત આંદોલનનો સામનો કરી રહેલુ ભાજપ પશ્ચિમ બંગાળમાં ખેડૂતોને રીઝવવામાં પડ્યુ છે.ગૃહ મંત્રી અમિત શાહ બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ આજે પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન ૩૫ ખેડૂતો સાથે ખીચડી ખાધી હતી.નડ્ડાએ રાજ્યના સીએમ અને ટીએમસીના ચીફ મમતા બેનરજી પર હુમલો કરતા કહ્યુ હતુ કે, બંગાળના લોકોએ ફોઈ અને ભત્રીજાને બાય બાય કહેવાનુ નક્કી કરી લીધુ છે.હવે બંગાળના ખેડૂતો બંગાળમાં કમળ ખીલવશે અને બંગાળનો વિકાસ થશે.માલદામાં ખેડૂતો સાથે તેમણે ભોજન કર્યુ હતુ અને એ પહેલા એક જનસભામાં કહ્યુ હતુ કે, મમતા બેનરજીની સરકારે ખેડૂતો સાથે બહુ અન્યાય કર્યો છે.પીએમ મોદીએ ખેડૂતોના બેન્ક



એકાઉન્ટમાં સીધી જમા થતી ૬૦૦૦ની રકમની યોજના શરુ કરી છે પણ મમતા બેનરજીએ જીદ કરીને આ સ્કીમને બંગાળમાં લાગુ થવા દીધી નથી.જેના કારણે બંગાળના ૭૦ લાખ ખેડૂતો આર્થિક મદદથી વંચિત રહી ગયા છે.તેમણે કહ્યુ હતુ કે, બંગાળમાં જ્યાં પણ જઉં છું ત્યાં જય શ્રી રામનો નારો સાંભળવા મળે છે પણ મમતા બેનરજીને આ સાંભળીને ગુસ્સો કેમ આવે છે તે ખબર પડતી નથી.મમતા બેનરજીની સરકારે જો ખેડૂતોની સેવા કરી હોત તો આજે આ દિવસો જોવા ના પડત.

## ૫ કરોડ આપો તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યા કરવા તૈયાર છું

પોંડિચેરી,તા.૬

પોંડિચેરી પોલીસે એક ૪૩ વર્ષીય શખ્સની ધરપકડ કરી છે. તેની પર ફેસબુક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યા કરવાનો સંદેશો મુકવાનો આરોપ છે. તેણે પોતાની પોસ્ટમાં લખ્યુ હતુ કે જો કોઈ તેને રૂપિયા પાંચ કરોડઆપે તો તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યા કરવા તૈયાર છે. સોશિયલ મિડિયા પર વિવાદિત પોસ્ટ મુકવાના મામલે પોલીસે આર્યનકુપ્પમ ગામના એક વ્યક્તિને ગુરુવારે પકડી પાડ્યો હતો.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૫૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૩૨૦૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૦૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૬૪૧૫**

## અમેરિકા દુશ્મનોના પડકારનો સીધો જવાબ આપશેઃ બાઈડનની ચીન-રશિયાને ચેતવણી

અમેરિકાના પ્રમુખ જો બાઈડેને ચીન-રશિયાને આક્રમક મેસેજ આપીને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે અમેરિકા પહેલાની માફક મિત્ર-દેશોના હિતો જળવાય તેવી નીતિ અપનાવશે. દુશ્મનોના પડકારનો સીધો જવાબ અપાશે. જે દેશો અમેરિકા સાથે સ્પષ્ટ નીતિ રાખીને કામ કરવા ઈચ્છે છે તેમની સાથે કામ કરવામાં પણ અમેરિકા પીછેહઠ નહીં કરે.

તેમણે ચીન સાથે વ્યાપારી સંબંધો મુદ્દે સંકેત આપતા કહ્યું હતું. જો અમેરિકાને આર્થિક રીતે ફાયદો થતો હશે અને અમેરિકાના આર્થિક હિતો જળવાતા હશે તો ચીન સાથે પણ વ્યાપારી સંબંધો સુધારીશ, પરંતુ એમાં કોઈ એક તરફી હિતને ધ્યાનમાં લેવાશે નહીં. આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં અમેરિકા નવી ભૂમિકા ભજવશે. મિત્ર દેશો સાથે સહયોગ વધારાશે.

## તંત્રી સ્થાનેથી...

# મહામારી સહિતના રોગોથી બચવા લોકો કુદરતી ખાદ્ય ખોરાક તરફ ક્યારે વળશે.....?

*દેશભરમાં કોરોના અંત થવા તરફ જઈ રહ્યો છે. બીજી તરફ સરકાર દ્વારા દેશભરમાં કોરોના નાથક વેક્સીન આપવાનું અભિયાન ચાલી રહ્યું છે. અને આ સમયમાં ઈમર્જન્સીમાં ફાયઝર રસી માટે મંજૂરી પણ આપી દીધી છે. ભારતમાં બે રસી શોધાઈ છે બંન્ને રસી ઈન્જેક્શન રૂપે આપવામાં આવી રહી છે.દોઢ માસ પહેલા ત્રીજી રસી શોધાઈ છે જે નાક દ્વારા લેવાની રહે છે આ રસીનું ત્રીજા તબક્કામાં પરીક્ષણ ચાલી રહ્યું છે. કેટલાક દેશોમાં ભારતની રસી મોકલવાનું શરૂ થઈ ગયું છે. અને કેટલાક દેશો ભારતની રસી લેવા લાઈનમાં ઊભા છે. આવા સમયે વર્ષ ૨૦૧૫ માં મહામારી બાબતે ભવિષ્યવાણી કરનાર માઈક્રોસોફ્ટના સહ સંસ્થાપક બિલ ગેટ્સએ ફરી એકવાર વિશ્વના દેશોને ચેતવણી આપી છે કે કોરોના કરતાં પણ ખતરનાક બે વિપદાઓ આવનારી છે જે લોકોને મુશ્કેલીમાં મૂકી દેશે. બિલ ગેટ્સે ૨૦૧૫માં કરેલી મહામારીની ભવિષ્યવાણી ૨૦૨૦ માં સાબિત થઈ છે. જે કારણે નવી કરેલ કોરોનાથી ભયાનક મુશીબત આવશેની ભવિષ્યવાણીએ વિશ્વભરના લોકોને ધ્રુજાવી નાખ્યા છે. તેમાં પણ આજના સમયમા કોરોના વેક્સિન સામાન્ય લોકો સુધી પહોંચી શકી નથી....એટલે લોકોમાં વધુ ડર ફેલાયો છે. ૨૦૧૫ માં બિલ ગેટ્સે મહામારીની જેમ સંભવિત વાયરસના પ્રકોપની વાત કરી હતી. તેમણે એવુ પણ કહ્યું હતું કે આવનાર દિવસોમાં ૧૦ લાખથી વધુના મોત થાય તો તેનું કારણ યુધ્ધ નહીં પરંતુ એક સંક્રમિત વાયરસ હોવાની સંભાવના છે. આ મિસાઈલ નહી પરંતુ માઈક્રોબ્સ હશે. બિલ ગેટ્સે આ ભવિષ્યવાણી એટલા માટે કરી છે કે લોકો પહેલાથી સતર્ક થઈ જાય અને ભવિષ્યમાં આવનાર સંકટથી ખુદનો બચાવ કરી શકે....!!*

*આજના આધુનિક યુગમાં લોકો ખુદના શરીરની સુરક્ષા માટે કશું જ વિચારતા નથી.....!! દરેક એવું વિચારે છે કે બિમારીમાંથી જેટ ગતિએ ઊભા થવુ.બીમાર પડે તો એકાદ દિવસની દવા ખાવી અને દોડતા થઈ જવુ... પરંતુ આમ થવું શક્ય નથી.....! કારણ આજના મોટાભાગના લોકો બજારમાં તૈયાર મળતી ખાદ્ય ચીજો તરફ વળી ગયા છે. જોકે ગ્રામ્ય વિસ્તારો કે નાના શહેરોમાં આ બાતનુ નહીંવત્ પ્રમાણ છે અને તેનું કારણ છે તેઓ કુદરતે આપેલો ખોરાક ખાવામાં માને છે. તળેલા ખાદ્ય પેકેટો કે તૈયાર મળતી ખાદ્ય વસ્તુઓથી દૂર રહે છે. મધ્યમ મોટા શહેરો કે મહાનગરોમાં રિફાઈન્ડ કે ડબલ રિફાઈન્ડ તેલોનો ઉપયોગ મોટાભાગના ઘરોમાં થઈ રહ્યો છે તેમ કહેવું ખોટું નથી....! જે રિફાઈન્ડ તેલનો માલિશ કરવામા ઉપયોગ નથી કરતા તે રિફાઈન્ડ તેલ આપણે ખાઈએ છીએ. કુદરતી તેલનુ રિફાઈન્ડ તેલ બનાવવામાં વિવિધ કેમિકલ્સો વાપરવામાં આવે છે જે કારણે તેલની ચીકાશ અને સુગંધ દૂર થઈ પાતળું બની જાય છે. મતલબ કુદરતી તેલમાંના તમામ વિટામિન ઘટક તત્વો ખતમ થઈ ગયેલા હોય છે. શુદ્ધ તલ તેલ,શીંગ તેલ,સરસવ તેલ,નાળિયેર તેલ વગેરેમાં શરીરને પોષણ આપતા અને શરીર મજબૂત બનાવતા તથા કેટલીક બીમારીઓથી દૂર રાખતા વિટામિન તત્વો હોય છે. આવુ બધું નિષ્ણાતો દ્વારા ચકાસણી કરાવતા જાણ થઈ. શુધ્ધ તેલની ચીકાસ એ તેમાનુ અગત્યનું ઘટક છે, તેની સુગંધ એ પ્રોટીન કંટેટ છે.વિવિધ ખાદ્ય દાળોમા વધુ પ્રોટીન હોય છે જે શરીરને અગત્યના વિટામીનો પુરા પાડે છે. હવે તમે તેને રિફાઈન્ડ કરો એટલે કે ફોતરા વગરની દાળો કે જેમા રહેલા પોષક તત્વોજ ખતમ થઈ જાય છે.રિફાઈન્ડ ખાદ્ય તેલો તથા ફોતરાં વગરની દાળો ખાવાને કારણે સાંધાનો દુખાવો, કમરનો દુખાવો, ગોઠણનો દુખાવો, હાર્ટ અટેક, પક્ષઘાત, બ્રેન ડેમેજ જેવા વિવિધ રોગો થાય છે. તો અનેક તજજ્ઞો અને ડોક્ટરોનું કહેવું છે કે કુદરતી તેલો પોષક છે તેને રિફાઈન્ડ કે ડબલ રિફાઈન્ડ તેલ તૈયાર કરવામા આવે પછી તેમાં કોઈ સત્વ નથી રહેતું.... તો તેમાં તળેલા ખાદ્ય પદાર્થો શરીર માટે કેટલા સુરક્ષિત ગણાય.....? અને હવે તો વિદેશના તેલનો ભારતમાં વપરાશ વધ્યો છે. જેમાં કોઈ પોષક તત્વો નથી....! ખાદ્યતેલો અંગે લાંબો ઈતિહાસ છે પણ પછી ક્યારેક.... અત્યારે એક જ વાત કે દરેક વ્યક્તિ પોતાની સ્વાસ્થ્ય સુરક્ષા-શરીરને સાચવવા-રોગોથી બચવા મૂળ રૂપના કુદરતી ખાદ્ય પદાર્થો તરફ વળવું જોઈએ.... એ જ સૌની સુરક્ષા છે....!*

# દેશભરમાં કોઈ અનિચ્છનીય ઘટના વિના શાંતિપૂર્ણ રીતે ખેડૂતોનો ચક્કાજામ સંપન્ન

*ન્યુ દિલ્હી,તા.૬*

દેશભરમાં શનિવારે કોઇ અનિચ્છનીય ઘટના વિના ખેડૂતોનું ચક્કાજામ સંપન્ન થઇ ગયું. ખેડૂતોએ દિલ્હી-એનસીઆર, યુપી અને ઉત્તરાખંડ સિવાય કૃષિ કાયદાના વિરોધમાં ૬ ફેબ્રુઆરીએ બપોરે ૧૨થી ૩ વાગ્યા દરમિયાન દેશવ્યાપી ચક્કજામ કર્યું હતું.

ચક્કાજામમાં ખેડૂતોએ ઘણી જગ્યાએ માર્ગો પર ટ્રાફિક જામ કર્યો હતો. ખાસ વાત એ હતી કે જાહેરાત મુજબ કોઇ ખેડૂત દિલ્હી તરફ ન આવ્યા. જ્યારે સરકાર અને પોલીસે સાવચેતી તરીકે દિલ્હી- ગાઝિયાપુર બોર્ડરે ૫૦ હજાર જવાનોને તહેનાત કરી દીધા હતા.સરકારે ૨૬મી જાન્યુઆરીની ઘટનાનું પુનરાવર્તન રોકવા બોર્ડરો પર ડબલ બેરકેડિંગ કર્યું હતું તો આંદોલનની ત્રણ મુખ્ય સાઇટ પર ઇન્ટરનેટ સેવા બંધ કરી દીધી હતી.

ખેડૂતોએ દિલ્હી-અમૃતસર નેશનલ હાઇવે પર જોરદાર ચક્કાજામ કર્યો હતો. તે ગોલ્ડન ગેટ પરથી જોઇ શકાતું હતું. જ્યારે દિલ્હીમાં શહીદી પાર્કમાં પોલીસે કેટલાક દેખાવકારોની અટકાયત કરી હતી. તેઓ ચક્કાજામના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

કૃષિ કાયદાનો વિરોધ કરતાં ૪૦ ખેડૂત સંગઠનો આજે સમગ્ર દેશમાં ચક્કાજામ કરવામાં આવ્યો હતો. રાજસ્થાન અને હરિયાણા વચ્ચે શાહજહાંપુર સરહદપર ચક્કાજામ કરવામાં આવ્યો છે. પંજાબના અમૃતસર અને મોહાલીમાં ખેડૂતો વાહનોને રોકવા માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. બીજી બાજુ, જમ્મુ-પઠાણકોટ હાઈવે પર પણ ખેડૂતોએ વાહનોની અવરજવર બંધ કરી દીધી છે.

આજે બપોરે ૧૨ વાગ્યાથી શરૂ થયેલો ચક્કાજામ ૩ વાગ્યા સુધી ચાલ્યો હતો. આ પહેલાં જ દિલ્હીમાં અસર થઈ શકે એવાં ૧૦ મેટ્રો સ્ટેશન બંધ કરી દેવામાં આવ્યાં હતા. એમાં મંડી હાઉસ, આઇટીઓ, દિલ્હી ગેટ, વિશ્વવિદ્યાલય, ખાન માર્કેટ, નેહરુ પ્લેસ, લાલકિલ્લા, જામા મસ્જિદ, જનપથ અને કેન્દ્રીય સચિવાલય મેટ્રો સ્ટેશન બંધ છે. અહીં કુલ ૨૮૫ મેટ્રો સ્ટેશન છે.

### વડાપ્રધાન મોદીના નામે નોંધાશે નવો રેકોર્ડ...!

# વડાપ્રધાન મોદી રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણના ધન્યાવાદ પ્રસ્તાવ પર જવાબ આપે તેવી શક્યતા

*ન્યુ દિલ્હી,તા.૬*

ખેડૂત આંદોલનને લઈને સંસદમાં ઘેરાયેલી કેન્દ્ર સરકાર એક અલગ જ નિર્ણય લઈ શકે છે. લોકસભામાં વિરોધ પક્ષે સરકારને ઘેરવાનો કોઈ મોકો ગુમાવ્યો નથી. રાષ્ટ્રપતિનું અભિભાષણ અને સામાન્ય બજેટ રજુ થયુ ત્યારથી જયારે પણ સદનની કાર્યવાહી આગળ ધપી છે ત્યારે ત્યારે ફરી હોબાળો મચ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હજી સુધી રાષ્ટ્રપતિના અભિભાષાણ પર ચર્ચાનો કોઈ જ જવાબ આપ્યો નથી. જેથી હવે એ વાતની શક્યતા છે કે, પીએમ મોદી માત્ર રાજ્યસભામાં જ રાષ્ટ્રપતિના અભિભાષણનો ધન્યવાદ પ્રસ્તાવ પર જવાબ આપી શકે છે.ઉપલા ગૃહમાં અભિભાષણ અને ખેડૂત આંદોલન પર ચર્ચા ગઈ કાલે શુક્રવારે પુરી થઈ ગઈ હતી. જો મોદી લોકસભાના બદલે રાજ્યસભામાં ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા કરે તો તેઓ દેશના સંસદિય ઈતિહાસમાં એક નવો જ રેકોર્ડ નોંધાવશે. આ અગાઉ એક પણ વડાપ્રધાને માત્ર રાજયસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચાનો જવાબ નથી આપ્યો.લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે સંકળાયેલા પ્રસ્તાવને પસાર નથી કરવામાં આવ્યો. એ બાબતના પણ સંકેત છે કે, સરકારને હજી આશા છે કે, ગતિરોધનો અંત લાવી શકાય છે. આમ તો વડાપ્રધાનને શુક્રવારે લોકસભામાં જવાબ આપવાનો હતો પરંતુ હંગામાના કારણે કાર્યવાહી સ્થગિત થતી રહેતી હતી. હવે પ્રધાનમંત્રી સોમવારે ૧૦:૩૦ વાગ્યે રાજ્યસભામાં બોલશે તેવો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. જો આમ થશે તો સંસદિય ઈતિહાસમાં આમ કરનારા તેઓ પહેલા પ્રધાનમંત્રી હશે જે લોકસભાના બદલે માત્ર રાજયસભામાં જવાબ આપશે. જોકે એક શક્યતા એ પણ છે કે, પોતાના પુરોગામીઓની માફક પીએમ રાજ્યસભામાં ના બોલે. તેઓ કોઈ વરિષ્ઠ કેન્દ્રીય મંત્રીને રાજ્યસભા મોકલી ધન્યવાદ પ્રસ્તાવ પર જવાબ અપાવી દે.

### ગુજરાત હાઈકોર્ટની ડાયમંડ જ્યુબેલી પર વડાપ્રધાને પોસ્ટ ટિકિટ બહાર પાડી

# ન્યાયતંત્રએ લોકોનો આત્મવિશ્વાસ વધાર્યો: મોદી

## ગુજરાત હાઈકોર્ટે જે સત્યનિષ્ઠાથી કામ કર્યું છે તેનાથી ન્યાય વ્યવસ્થા, લોકતંત્રને મજબૂતી મળી, દેશમાં ૧૮,૦૦૦થી વધુ કોર્ટ કૉમ્પ્યુટરાઈઝ થઈ, સરકાર અને ન્યાયપાલિકા મળીને દેશમાં વર્લ્ડ ક્લાસ જ્યૂડિશિયરી સિસ્ટમ તૈયાર કરશે

*ન્યુ દિલ્હી,તા.૬*

ગુજરાત હાઈકોર્ટની ડાયમંડ જ્યુબલી પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કરતાં કહ્યું કે ગુજરાત હાઈકોર્ટે વિશેષ ઓળખ બનાવી. આપણી ન્યાયપાલિકાએ બંધારણને મજબૂત કર્યું. ન્યાયપાલિકાએ દેશ હિતને ઉપર રાખ્યું છે. આપણો સમાજ ન્યાયપ્રિય રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાત હાઈકોર્ટ ડાયમંડ જયૂબલી કાર્યક્રમમાં સંબોધન કર્યું. પીએમ મોદીએ આ ખાસ અવસર પર એક પોસ્ટ ટિકિટ પણ જાહેર કરી.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ગુજરાત હાઈકોર્ટના ડાયમંડ જયૂબીલીના અવસર પર બધાને શુભેચ્છા પાઠવી. ગુજરાત હાઈ કોર્ટે સત્ય અને ન્યાય માટે જે નિષ્ઠાથી કામ કર્યું છે, જેને ભારત ન્યાયિક વ્યવસ્થા બંધારણમાં કાર્યપાલિકા, વિધાયિકા અને ન્યાયપાલિકાને આપવામાં આવેલી જવાબદારી આપણા બંધારણ માટે પ્રાણવાયુની જેમ છે. આપણી ન્યાયપાલિકાએ બંધારણના પ્રાણવાયુની સુરક્ષાનું દાયિત્વ પુરી દ્રઢતાથી પુરુ કર્યું છે. દેશમાં આજે ૧૮૦૦૦ કોર્ટ કોમ્પ્યુટરાઈઝ્ડ બની ગઈ છે. દેશની સુપ્રીમ કોર્ટ આખી દુનિયામાં સોથી વધારે વિડિયો કોન્ફરન્સીંગથી સુનાવણી કરનારી કોર્ટ બની ગઈ છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતીય સમાજમાં રુલ ઓફ લૉ રહ્યો છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં જણાવામાં આવ્યું છે કે ‘ન્યાયમૂલં સુરાજ્યં સ્યાત‘ એટલે કે સુરાજયની જડ જ ન્યાયમાં રહેલી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ન્યાયપાલિકા પ્રતિ ભરોસાએ સામાન્ય નાગરિકના મનમાં એક આત્મવિશ્વાસ જગાવ્યો છે. સત્ય માટે ઉભા રહેવાની તાકાત આપી છે. આઝાદીથી અત્યાર સુધી દેશની યાત્રામાં આપણે ન્યાયપાલિકાના યોગદાનની ચર્ચા કરીએ છીએ અને બારના યોગદાનની પણ ચર્ચા થાય છે. ગત વર્ષોમાં પોતાની કાયદાકીય સમજ, પોતાની વિદ્વતા અને બૌદ્ધિકતાથી ગુજરાત હાઈકોર્ટ અને બાર એ એક વિશિષ્ટ ઓળખ બનાવી છે.

પીએમ મોદીએ કહ્યું કે આપણી જસ્ટિસ સિસ્ટમ એવી હોવી જોઈએ, જે સમાજના અંતિમ સ્થાન પર રહેલા વ્યક્તિ માટે સુયોગ્ય હોય. જ્યાં દરેક વ્યક્તિ માટે ન્યાયની ગેરેંટી હોય અને સમયસર ન્યાય મળવાની ગેરંટી હોય.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકાર આ દિશામાં સતત પોતાના કર્તવ્યો પુરા કરવા માટે નિરંતરપ્રયાસ કરી રહ્યું છે. ન્યાયના જે આદર્શન ભારતીય સંસ્કારનો ભાગ રહ્યાં છે, તે ન્યાય દરેક ભારતીયનો અધિકાર છે. એટલા માટે ન્યાયપાલિકા અને સરકાર બંનેનો દાયિત્વ છે કે દુનિયાની સૌથી મોટી લોકશાહીમાં મળીને વર્લ્ડ ક્લાસ જસ્ટિસ સિસ્ટમ ઉભી કરે.

# કોંગ્રેસના પૂર્વ સાંસદ હરીશ ચંદ્ર મીણાએ કંગનાની લાયકાત પર સવાલ ઉઠાવ્યા

ન્યુ દિલ્હી,તા.૬

એક્ટ્રેસ કંગના રનૌત તેના સ્ટેટમેન્ટને લઈને સતત ચર્ચામાં રહે છે. હાલમાં જ કંગનાએ રિહાનાને મૂર્ખ અને તાપસી પન્નુને દેશનો ભાર કહ્યો હતો. હવે તેણે તેના એક નવા સ્ટેટમેન્ટમાં કહ્યું કે સોશિયલ મીડિયા પર આટલા બધા મૂર્ખાઓને પાઠ ભણાવવા માટે તે સૌથી બેસ્ટ માણસ છે.

એટલું જ નહીં તેણે ખુદને મહારાણી ગણાવી અને તેને નફરત કરનારાને તેની સામે શીશ નમાવવા પણ કહ્યું. કંગનાનું આ સ્ટેટમેન્ટ કોંગ્રેસના પૂર્વ સાંસદ હરીશ ચંદ્ર મીણાની તે સોશિયલ મીડિયા પોસ્ટ પર આવ્યું છે જેમાં તેમણે કંગનાની શૈક્ષણિક અને રાજનૈતિક યોગ્યતા પર સવાલ ઉઠાવ્યા.

કંગનાએ પૂર્વ ડીજીપી અને એમપી હરીશ ચંદ્રની પોસ્ટ પર જવાબ આપતા લખ્યું, ‘મારી યોગ્યતા, હાહા. હું સાચે ખુદને એક એવરેજ માણસ માનું છું, પણ ઘણા મૂર્ખાઓની વચ્ચે સોશિયલ મીડિયા પર હું લીડ કરવા માટે સૌથી બેસ્ટ માણસ છું. માટે રાણીની સામે શીશ નમાવો.‘

હરીશ ચંદ્રએ કંગનાને ટેગ કરીને પોસ્ટમાં તેની યોગ્યતા પર સવાલ ઉઠાવ્યા હતા. તેણે પોસ્ટમાં લખ્યું હતું, ‘હું જાણવા ઈચ્છું છું કે કંગના રનૌત પાસે એવી કઈ લાયકાત છે કે તે દરેક મુદ્દે કમેન્ટ કરે છે. કે પછી સોશિયલ મીડિયા પર તે માત્ર એક પ્યાદાનો રોલ નિભાવી રહી છે. હું કંગનાની શૈક્ષણિક અને રાજનૈતિક લાયકાત જરૂર જાણવા ઈચ્છીશ.

# ચીનના અંતરિક્ષ યાને ૨.૨ મિલિયન કીલોમીટર દુરથી મોકલી પહેલી તસવીર

બેઈજિંગ,તા.૬

ચીનના અવકાશયાન તિઆનવેનએ અંતરિક્ષથી મંગળનું પહેલી તસવીર મોકલી છે. ગયા વર્ષે ૨૩ જુલાઈએ, ચીને મંગળ પર તિઆનવેન -૧ મોકલ્યું હતું, જેણે પ્રથમ તસવીર પૃથ્વી પર મોકલી હતી. ચીનની રાષ્ટ્રીય વિશેષ એજન્સીના જણાવ્યા મુજબ, તિઆનવેને હમણાં જ પ્રથમ તસવીર પૃથ્વી પર મોકલી છે અને આ વર્ષના અંત સુધીમાં, તિઆનવેનનો રોવર મંગળ પર ઉતરી શકશે.

ચીનની રાષ્ટ્રીય અવકાશ એજન્સી અનુસાર ૧૦ ફેબ્રુઆરીએ ટિઆનવેન -૧ મંગળની કક્ષામાં પ્રવેશ કરશે. અને આ વર્ષના અંત સુધીમાં તિવાનેનો રોવર મંગળ પર ઉતરશે. પરંતુ ટિયાનવેન -૧ અવકાશ દ્વારા અવકાશમાંથી મંગળનો ફોટો મોકલવો એ એક મોટી સફળતા છે. આ ચિત્ર કાળો અને સફેદ છે. ટિયનવેન -૧ એ લગભગ ૨.૨ મિલિયન કિલોમીટર એટલે કે ૧.૪ મિલિયન માઈલના અંતરેથી મંગળ પર ફોટો પાડ્યા છે. ચીની સ્પેસ એજન્સીના જણાવ્યા અનુસાર હાલમાં ટિયનવેન -૧ વિમાન મંગળથી ૧.૧ મિલિયન કિલોમીટર દૂર છે.

ચિત્રમાં મંગળની સપાટીની ભૌગોલિક સુવિધાઓ બતાવવામાં આવી છે. તસવીરમાં કેટલાક ક્રેટર પણ જોવા મળ્યા છે.ગયા વર્ષે ૨૩ જુલાઈએ, અવકાશયાન ચીનનું સૌથી મોટું ભારે રોકેટ લોંગ માર્ચ -૫ વાય ૪, તિયાંજિન -૧ થી મંગળ પર ઉતારવામાં આવ્યું હતું. ચીનનો દાવો છે કે આ વાહન દ્વારા અનંત અવકાશમાં સંશોધનનો નવો યુગ શરૂ કરવામાં આવશે. આ અવકાશયાન સાથે એક રોવર પણ મોકલવામાં આવ્યો છે જે મંગળ પર ઉતરવાનો પ્રયત્ન કરશે.



# કોંગ્રેસ પક્ષના અમદાવાદના જાહેર થયેલા તમામ ઉમેદવારોને ખૂબ ખૂબ અભિનંદન અને ભવ્ય વિજય થાવ તેવી શુભેચ્છાઓ.......

**૧- ગોતા**
પુષ્પાબેન પરમાર, કુસુમબેન ભાવસાર, દિનેશ દેસાઈ, અંકિત પટેલ

**૨ - ચંદલોડિયા**
મનીષા ઠાકોર, ભારતી પંચાલ, સંજય શેઠ, શૈલેષ પંચાલ

**૩- ચાંદખેડા**
દિનેશ શર્મા, રાજશ્રી કેસરી, ચેતન દેસાઈ, પ્રજ્ઞા પટેલ

**૪- સાબરમતી**
ચિંતન મોદી, શિલ્પા સોલંકી, ગણેશ કટારા,

**૫- રાણીપ**
મીનાબેન પંચાલ, અનીતાબેન પટેલ, પ્રવિણકુમાર પટેલ, અશ્વિનભાઈ પરમાર

**૬- નવા વાડજ**
પુષ્પાબેન પરમાર, અમીબેન શાહ, મહેન્દ્રભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ

**૭- ઘાટલોડિયા**
પૂજાબેન પ્રજાપતિ, રૂપાબેન શાહ, રૂપેશભાઈ પટેલ, સુનિલભાઈ ઠાકોર

**૮- થલતેજ**
કીર્તિબેન પટેલ, પારુલ બેન પરમાર દર્શિલ ગઢવી, હિતેશ પટેલ

**૯- નારણપુરા**
સિદ્ધાર્થ સોની, પ્રવીણભાઈ પટેલ, ચંદ્રિકાબેન રાવલ, વર્ષાબેન મેઘાવાલા

**૧૦- સરદાર પટેલ સ્ટેડિયમ**
દુષ્યંત પટેલ, નરેશ ડાભી, હંસાબેન પરમાર, નીતાબેન સોલંકી

**૧૧- સરદારનગર**
ઓમપ્રકાશ તિવારી, સનાભાઈ ભોયે, દેવલબેન રાઠોડ, પુનિતાબેન અવતાણી

**૧૨- નરોડા**
નીતાબેન વિસાવડીયા, ગીતાબેન પટેલ, કિરીટ મેવાડા, મહેન્દ્ર સિંહ ગોહિલ

**૧૩- સૌજપુર બોઘા**
ગોવિંદ પરમાર, વિક્રમ ઠાકોર, મીનાક્ષી પટેલ, છાયાબેન સોનવાણી

**૧૪- કુબેરનાગર**
નિકુલસિંહ તોમર (એનસીપી)
જગદીશ મોનાની, અમીબેન ઝા, ઉર્મિલા પરમાર

**૧૫- અસારવા**
જગદીશ માળી, પ્રતાપ ઠાકોર, ભાવના પરમાર, મધુબેન પટણી

**૧૬- શાહીબાગ**
રાજુભાઇ જૈન, મહેન્દ્ર રાજપૂત, હેતલ પરમાર, દર્શના ઠાકોર

**૧૭- શાહપુર**
અકબર ભટ્ટી, ભારતીબેન ચૌહાણ, મોના પ્રજાપતિ, અબ્દુલ મજીદ શેખ

**૧૮- નવરંગપુરા**
વૈશાલી સોની, બાગેશ્રી મોદી, તેજસ વણોલ, જયકુમાર પટેલ

**૧૯- બોડકદેવ**
નિમેશ શાહ, વિરમ દેસાઈ, ચેતના શર્મા, મહેશ ઠાકોર, જાનકી પટેલ

**૨૦- જોધપુર**
ભગવતી પટેલ, મિતેષ ચાવડા, જસીબેન ઠાકોર, મનીષ શાહ

**૨૧- દરિયાપુર**
નીરવ બક્ષી, ઈમ્તિયાઝ શેખ, ગિલી કલાપી, સમીરા શેખ

**૨૨- ઇન્ડિયા કોલોની**
યશવંત યોગી, પદ્માબેન બ્રહ્મભટ્ટ સરોજબેન પટેલ, ભાનુભાઈ કોઠીયા

**૨૩- ઠક્કરબાપા નગર**
દિનેશ પરમાર, મુકુંદ પટેલ, જ્યોત્સનાબેન પંચાલ, કવિષા જોશી

**૨૪- નિકોલ**
જગદીશ ચાવડા, વિષ્ણુ પટેલ, ડોનીકા ભુવા, અરુણા ચૌહાણ

**૨૫- વિરાટનગર**
રણજીતસિંહ બારડ, શાંતિલાલ સોજીત્રા, કૈલાશબેન વાઘેલા, આશાબેન પરમાર

**૨૬- બાપુનગર**
જે ડી પટેલ, સુરેશ તોમર, જશુમતી પરમાર, હેતલ પંચાલ

**૨૭- સરસપુર-રખિયાલ**
મંગળ સુરજકર, નવાઝ શેખ, ફાલ્ગુની ચાવડા, ગીતા ઠાકોર

**૨૮- ખાડિયા**
શાહનવાઝ શેખ, દેવર્ષિ શાહ, રઝિયા બાનુ શેખ, બિરજુ ઠક્કર

**૨૯- જમાલપુર**
જુનૈદ શેખ, અનવર બીસોરા, અઝરાજબીન કાદરી, મનીષા પરીખ,

**૩૦- પાલડી**
વિનોદ ભણસાલી, તેજસ્વીની મહેતા, સૌરભ મિસ્ત્રી, સીમાબેન સોલંકી

**૩૧- વાસણા**
પૂનમ દંતાણી, તૃપ્તિ રાવલ, ભાવિન શાહ, વિનુભાઈ ગોહિલ

**૩૨- વેજલપુર**
મેલજી મહેશજી ઠાકોર, સુનિલ જીકાર, મીનાક્ષીબેન ઠક્કર, મનીષાબેન વાઘેલા

**૩૩- સરખેજ**
હેતાબેન પરીખ, વિજય આચાર્ય, મંજુલા સોલંકી, અઝીઝ પટેલ

**૩૪- મકતમપુરા**
સમીરખાન પઠાણ, નીલમ દીવાન, હાજીભાઈ શેખ, રોશન વોરા

**૩૫- બહેરામપુરા**
કમળાબેન ચાવડા, કમરુંદ્દીન પઠાણ, તસ્લિમ આલમ તીલ્મીઝી, નગમાબેન રંગરેઝ

**૩૬- દાણીલીમડા**
શહેઝાદ ખાન પઠાણ, રમીલાબેન પરમાર, જમનાબેન વેગડા, સલીમભાઈ સાબુવાલા

**૩૭- મણિનગર**
દિવ્યેશ બ્રહ્મભટ્ટ, તુષાર સુતરિયા, રાવીન્દ્રબેન પટેલ, નરગીસ શેખ

**૩૮- ગોમતીપુર**
ઇક્બાલ શેખ, ઝુલ્ફીખાન પઠાણ, કમળાબેન ચૌહાણ, રૂકસાબાનુ ઘાંચી

**૩૯- અમરાઈવાડી**
જગદીશ રાઠોડ, પાર્વતી પરમાર, વિજય દેસાઈ, સપનાબેન તોમર

**૪૦- ઓઢવ**
વિષ્ણુભાઈ દેસાઈ, જીમલી ગોહિલ, બિરવા પટેલ, ગીતા લખતરિયા

**૪૧- વસ્ત્રાલ**
આસિશ પટેલ, રણજિતજી ઝાલા, પાયલ પટેલ, ભારતી પંચાલ

**૪૨- ઇન્દ્રપુરી**
પ્રવીણ પટેલ, મનીષ પટેલ, નૈના પંચાલ, બબુબેન પરમાર

**૪૩- ભાઈપુરા-હાટકેશ્વર**
જગદીશ ચૌહાણ, નિલેશ પ્રજાપતિ, ઇલાક્ષી પટેલ, સુમિબેન સાંગઠિયા

**૪૪- ખોખરા**
અપૂર્વ પટેલ, મધુભાઈ પરમાર, પુષ્પાબેન ડિ'કોસ્ટ, સોનલબેન ઠાકોર

**૪૫- ઇશનપુર**
જાગેશ ઠાકોર, નૈનેશ પટેલ, ગંગા મકવાણા, સવિતા પટેલ

**૪૬- લાંભા**
મેહુલ ભરવાડ, મનુભાઈ સોલંકી, હેતાબેન સડાત, સોનલબેન ઠાકોર

**૪૭- વટવા**
ભાવેશ પટેલ, શાહિદ આફ્રિદી, કૈલાશબેન ઠાકોર, પ્રિયંકા રાજપુત

**૪૮- રામોલ-હાથીજણ**
પ્રકાશ મકવાણા, રાજુભાઇ ભરવાડ, રવીના યાદવ, ઝીકલ ચૌહાણ

# એક સંબંધ આવો પણ..!



સવારનાં પહોરમાં વોટ્સઅપ રણક્યો અને મનને થયું ખોલું છું..ફોન ક્યાં નાસી જવાનો છે! ત્યાં ચંચળ મન ન રોકાયું, ને ચશ્માં ફંફોળી ચઢાવ્યાં તો ઋષિકેશથી મેસેજ હતો. હું અહીં સીધા તે જ મૂકીશ..

**Raj**

भारतीय जनता पार्टी के नरेंद्र नगर ग्रामीण मंडल के युवा मोर्चा के महामंत्री बने राजेश कबसूरी

**Jayshree**

Congratulations

देखो मु6बई आकेखो जाते। एक नाम कमा लिया अपनी मातृभूमि पर। सदा ख़ुश रहो

**Raj**

शुक्रिया आपका आशीर्वाद और प्यार से आज यहां तक पहुंचा हूं बहुत-बहुत धन्यवाद आप आइए ऋषिकेश

धन्यवाद माता जी धन्यवाद।

**Jayshree**

ज़रूर आऊँगी।

**Raj**

कहते हैं अगर कोई अच्छी बात सिखाता है तो उसको सीख लेनी चाहिए जो आपने कहा था वही किया इसी का।

**JAYSHREE**

**Raj**

धन्यवाद ममी जी

હું ૨૦૧૬ના ઓગસ્ટમાં મારા મામાના દીકરા ભાઈ યોગીન અને ભાભી ચંદ્રિકાનાં આમંત્રણને માન આપી ઋષિકેશ ગઈ હતી.મારી આદત છે કે હું જે પણ એરપોર્ટ

પર ઉતરું કે તરત જ બધી માહિતી લેવા માંડું,ને મગજમાં

યોજનાઓ કંડારવા માંડું. મારી સખીઓને પણ મારી જોડે આમ કુદરતનાં ખોળે ઘૂમતી ફરતી કરી દઉં કે કરી દીધી છે.હા એકાદ દિવસ ભગવાનનાં મંદિરના ચક્કર મારું ને પછી રીતસર દાદાગીરી ગણો કે જે ગણો પણ પહાડોની

અંદરથી નાદ સંભળાવાં મંડે ને ખટપટ શરૂ..

ભાઈ કોઈની ગાડી લઈ આવ્યો હતો..ઘરે પહોંચી મે કહ્યું આ ગંગા કિનારે મારાથી તો ઘરમાં નહિ જ બેસી રહેવાય..તો એકાદ ઈનોવા ગાડી કરી આપ મારા ત્રણ ચાર દિવસ નિજાનંદમાં જાય.ખરેખર ગાડી કરીને ડ્રાઈવર

હતો વીસ એકવીસ વર્ષનો યુવાન..આજનાં કોઈ હીરોથી

ઓછો રૂપાળો નહોતો..એ. મારાથી બોલાય જવાયું હતું,

" વાહ ! હેન્ડસમ!" ને એ એવો તો શરમાય ગયો કે જાણે

કોઈએ..તેને શું એ શિરપાવ આપી દીધો, પણ બિચારો વિચારતો થઈ ગયો "હે, ગંગામૈયા ક્યાં આ ત્રણ બૂઢ્ઢીઓ સાથે મારે ત્રણ દિવસ કાઢવાનાં?"નામ હતું રાજ

કબસૂરી. તે એટલો પ્રભાવિત હતો કે હું અને મારી સખી

મુંબઈથી આવ્યા હતા..બોલીવુડ ટાઉનથી. અમિતાભબચ્ચનનાં ને શત્રુઘ્નસિંહા જ્યાં રહે છે.જ્યાં જે જાય તેને રોટલો મળી જાય પણ ઓટલો તો ક્યારે મળે તે કહેવાય નહિ! હા ફૂટપાથ કે અંધારી ગંદી ધારાવી કે ઝૂપડપટીમાં તેઓ ખોવાય જાય.તેવી મહાનગરી..નસીબ હોય તો રાજા બની જવાય ને કમનસીબી વળગી જાય તો

અંધારીઆલમમાં ખોવાય જવાય.

મે એને કહ્યું જો મંદિરમાં મને રસ નથી, હું ચારધામ ફરી ચૂકી છું.મને રસ છે આ પર્વતોની ટોચ ને તેની દરીમાં

જ્યાં ઉત્તરાખંડનું સૌંદર્ય પથરાયેલું છે.જ્યાં ગંગા ખળખળ વહે છે તેના નાદમાં મારે ખોવાય જવું છે અને એ સમજી ગયો..એ પછી ત્રણ દિવસ ઋષિકેશનો ખૂણે ખૂણો ને પહાડોની ટોચ પર પહોંચાડી જ્યાં કુદરત તેના મસ્ત સૌંદર્યમાં ખીલી ઊઠી હતી..રસ્તા પર લીલી ચાદર

અને વનફૂલોની મહેક હતી.ગાઢા ધુમ્મસ ભર્યા વાતાવરણમાં વાદળો જાણે મને સ્પર્શી કહી રહ્યા હોય કે, "હું પણ ખુશ છું કે તું સખી મને મળવા આવી!"

બહુ જ ફર્યા ગંગાઆરતી કરી, બધે જ તે સાથે, મને મસ્તી માણતી જોય તે પણ ખૂબ ખુશ હતો. ત્રણ દિવસમાં તેણે મને "મમ્મીજી, મમ્મીજી" કહેવા માંડ્યું હતું.

મારો મોજીલો મસ્તી ભર્યો અને આનંદી સ્વભાવ તેને અને

મને એક નવા જ સંબંધની ટોચ પર લઈ ઊભો હતો. જવાનો દિવસ આવ્યો. હું હરદ્વારથી મેરઠ જવાની હતી.

તે સ્ટેશન પર છોડવાં આવ્યો.અનાયાસ જ બોલી ઉઠ્યો,

मैं मुंबई आनेवाला हूँ, आप के घर आऊँगा।

મારી સખીએ કહ્યું જરૂર! પણ હું થોડી નારાજ થઈ ગઈ એટલા માટે નહિ કે મારે ઘરે આવશે! પણ આટલી સરસ કુદરત ને ટુરિસ્ટ સ્થળ જ્યાં હવા તરોતાજા કરી મૂકે જ્યાં સ્વાસ્થ્ય ક્યારેય ન કથળે કે ન

ઔપચારીક જીવન છે, તે છોડી ક્યાં મુંબઈ! જ્યાં હવામાં જ પ્રદૂષણ છે, જ્યાં માણસોને પોતાના માટે સમય નથી,જ્યાં લોકો ફક્ત જીવવા માટે પણ એકબીજાના ખભા પર ચઢી તરક્કી કરે છે.

મે ફક્ત એટલું જ કહ્યું," રાજ મુઝે મા કહતા હૈ તો એક બાત ગાઁઠ બાઁધ લો..મુંબઈ ઘૂમને આના લેકિન કમાને યાઁ જિંદગી બનાને નહિં. ખો જાઓગે..અપને આપ કો ભી નહિ ઢૂઁઢ પાઓગે."

શું સમજ્યો હું નથી જાણતી પણ એ પછી અમે બન્ને

એક એવા સંબંધે બંધાયા કે..તેણે મારી વાત ગાઁઠ બાઁધી

લીધી.હું એક એક વર્ષના અંતરે ઋષિકેશ જાઉ છું એ નહિતો કોઈ બીજા ડ્રાઈવરની તે સગવડ કરી મને એરપોર્ટ થી એરપોર્ટની સર્વિસ આપે છે. મારા દીકરી જમાઈને પોતાના કુટુંબી સમજી..ફેરવે છે.તે એટલી ધગશવાળો યુવક છે કે આજે કોરોનોમાં તેણે ઉત્તરાખંડના ખૂણે ખૂણે

સેવા કરી,કદાચ અમિતાભે કરી છે કે નહિ? તે નથી ખબર પણ આજે તેનું નામ ઋષિકેશમાં માનથી લેવાય છે

તે પરણ્યો બે બાળકનો પિતા બન્યો તેની પત્નીને બાળકોને પણ મને મમ્મીજીનાં નામે ઓળખે છે.

વિચારું છું એના એકેએક નાના મોટા કોઈપણ કાર્યથી મને તે વાકેફ કરે છે..શું મુંબઈમાં આવ્યો હોતતો

એ ઓળખ ઉભી કરી શક્યો હોત? શું મારી સાથે સંબંધ

રાખી શક્યો હોત?

જેટલું પવિત્ર સ્થળ તેટલું પવિત્ર માનસ હતું તેનું..

આજે સવારે તેનો આ સંદેશો ને અમારા બન્ને વચ્ચેનું આ સંદેશાઓનું આપ લે..કરવું મને કહેવા લાગ્યું કે ઔપચારિક દુનિયામાં એક સંબંધ આવો પણ!

જયશ્રી પટેલ

૫/૨/૨૧

(મારી ડાયરીનું એક પાનું)

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની નવ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

---

**NOG સાહિત્ય સરિતા**

**NOG SS NO :- 0090**

પ્રકારઃ પદ્ય
વિષયઃ પ્રકૃતિ
શીર્ષકઃ.પ્રકૃતિનાં લઘુકાવ્યો
ચાર પ્રકૃતિના લઘુકાવ્યો દીપક જગતાપ

(૧) જે દિવસે-
પહાડ દોડવા માંડશે,
નદી સ્થિર થઈ જશે,
રસ્તો ચાલવા માંડશે,
વૃક્ષ ઊડવાં માંડશે.
આકાશ બોલવાં માંડશે,
કેલેન્ડરનું ચિત્ર સળવળી ઊઠશે
તે દિવસે
માણસ "Statue બની જશે.

(૨) શું આગિયો
રાતપાળી કરતો હશે
સૂરજના સૂઇ ગયા પછી થી ?

3) તારકોનું નીચોવું તેજ આંખે આંજ્યુ
થઈ ગયો સૂરજ અંધ....!

(૪) હવેથી ક્યારેય નહિ સળગે
મારી આંખોનું આકાશ
કેમકે એમાં હવે
દરિયો ઊછળે છે...

-દીપક જગતાપ.....રાજપીપળા

---

**NoG SS No - 0050**

પ્રકાર - કવિતા
શબ્દ- પ્રકૃતિ
શીર્ષક- પ્યારી પ્રકૃતિ.

કરયો પ્રેમ પ્રકૃતિ ને,
ભલેને આભને ધરા કદી
એક થવાના નથી..!
પ્રકૃતિનાં પ્યાલા અમે નશામાં પીધા કેવા...?
જોને કમળ પર ફીદા થઈ ભ્રમર જેમ બિડાઈ..!
પરવાનો થઈ ફના થાય...!
કુદરત લાગે કામણ ગારી ,
લીલાછમ વૃક્ષો કુદરતની મહેર...!
પતંગિયાની પાંખ લઈ ભમી આવું બ્રહ્માંડ..!
ઓલા તમરાનો શોર ને ,
પંખીડાનો કલરવ...!
કેવી પ્રકૃતિ આપણી..!
ફૂલોની ફોરમને માટીની સોડમ...!
બે પળ માણી લઉં...!
આ પ્રકૃતિ ઈશ્વરની દેન છે...!
મીઠા બાળકના સ્મિત જેવી..!
એના ખોળે પાંગરતો માનવી ..!
સર્જનકાર હું કે તું મને બહુ વહાલું...!
તારા રંગો થકી પ્યાસ બુઝે..!
એમા સર્જનાત્મકતા છે..!
જન્મેલી વસ્તુ નાશવંત છે..!
ક્યારેય મરતી નથી..!
પ્રકૃતિ જાદુગરણી છે ..!
ઉપહાર દીધો...!
કુદરતને સાચવશુંએ આપણને સાચવશે
એજ સાચી પ્રકૃતિ પ્રેમ...!
વૃક્ષને વન રાજી...!

રાગીની શુકલ"રાગ" મુંબઈ, કાદિવલી)

---

**NOG. SS NO. 0036**

વિભાગ - પદ્ય(કાવ્ય)
શીર્ષક - પ્રકૃતિ
પ્રકૃતિ

સોળે શણગાર સજી બેઠી પ્રકૃતિ આજ તો,વાસંતી વાયરે મંજરી ખીલી આજ તો.
પંખી-ટહુકે યૌવન ખીલ્યું પાનપાનમાં,
મીઠાં કલશોરે સંવેદના સ્પર્શી આજ તો.
પતંગિયાની પાંખમાં, હરણાંની આંખમાં;
માટીની સોડમે લાગણી મહેંકી આજ તો.
હરિયાળી હૈયું હરે, મન રહે ખુશખુશાલ,
જાગેલાં ભાવ અંતરે વિકસી આજ તો.
ખળખળ વહે ઝરણાં રેલાય મીઠાં ગાને,
હૃદયે પંચતત્ત્વો ઘૂઘવી રહ્યાં આજ તો.
અવનવાં સામ-સૂરે ઝાડવાં ઝૂમે ઘેનમાં,
માણસ થઈ ઊઘડી રહે છલકી આજ તો.થનગને મન-મયૂર કેસુડો ફેલાયો ચોપાસ,
પ્રકૃતિ બની પ્રેમમય,માણી આજ તો.

અરૂણાબેન ત્રિવેદી, અમદાવાદ

---

**NOG SS NO : 0010**

વિભાગ :- પદ્ય
શીર્ષક :- પ્રકૃતિ

મૌસમ બદલાતાં થતી , ઝાંખી પ્રકૃતિનાં સ્વરૂપોની,
માયા લીલા કુદરતની, ના સમજાય ક્યારેય અલ્પ રૂપોથી.
શિયાળાની ફૂલગુલાબી પરોઢ, શક્તિ સ્ફુર્તિનો ખજાનો,
ગગનને માંડવે પૂરાય રંગોળી, સૂર્ય પ્રકાશનો ખજાનો.
ઉનાળો બળતીભઠ્ઠીનો બફારો, પ્રાકૃતિક મૌસમમાં મંદીઓટ,
ખિજાયેલી કુદરત જાણે, ભસ્મ બધું બાળીને ચઢે હઠે
ચોમાસે ભીંજવી ધરતી વરસે અમી,
બદલાય જિંદગી જડમૂળથી,
વાવેતર લાગણીનાં રોપી , ઊગે રવિ પૂર્વમાં સુરખી ભરી.
લીલીછમ હરિયાળી ખીલે, જ્યારે જળથી ભરેલાં વાદળો વરસે,
સર્જતાં વ્યવહાર ભવ્યાતિભવ્ય, સવારી મૌસમ ચક્રની ફરે.

દીપ્તિ પટેલ' શ્રીકૃપા' વડોદરા.

---

**NOG SS No : 0064**

પ્રકાર : પદ્ય
શીર્ષક : મૃગજળ

એટલોયે વહેમ ન પાળ કે,
તું મને ગમતો હોય છે.
આ તો રિવાજોની એરણે
મારો વ્યવહાર ચઢતો હોય છે.
પ્રખર તાપે તપતો સૂરજ પણ
રોજ સાંજ પડે ઢળતો હોય છે,
ધરાની આગોશમાં ઓગળવાંના
વહેમથી એ કદાચ ઠરતો હોય છે.
ખારો ઊસ ઘૂઘવતો દરિયો
સરિતાનાં જળને ઝંખતો હોય છે,
ઓગળતી સરિતા છતાં,
મીઠાશની લ્હાયમાં એ ઝરતો હોય છે.
તપિત પ્રેમને લઈ તું
આમતેમ તરતો હોય છે,
નાહકના ઉઠે તરંગ મનમાં ને;
વાજતે ગાજતે તું ફરતો હોય છે.
ભર બપોરે રણની રેતી વચ્ચે
મૃગજળનો ભાસ ભળતો હોય છે,
કર કાબૂ પ્રશંસાનાં બાણ પર
ફોગટ એનો તણખો ઝરતો હોય છે.

નેહા બગથરીયા

---

**NOG SS NO - 0026**

વિષયઃપ્રાણ ,પ્રકૃતિ, ટેવ,કુટેવ
વિભાગઃ પદ્ય
શીર્ષક - ટેવ રાખ.
ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા.
રમલ છંદ

મઘદરિયે નાવડી ઊતરવાની ટેવ રાખ.
ખુદને ઝંઝાવાતથી પડકારવાની ટેવ રાખ.
જિંદગીમાં કોઈ એકાદી ઘડી આવી ચડે,
બારણાંને કાયમી ઉઘાડવાની ટેવ રાખ.
શું થશે? કેમે થશેની છોડ તું ચિંતા બધી, એ બધુંયે ધૈર્યથી તું સાંખવાની ટેવ રાખ.
ના મળે જો ફળ તને કો આગવું જીવન મહી, ભાગ્યને તારા કદી પડકારવાની ટેવ રાખ.
ખૂબ ઉંડા હોયજ્યાં સમદર તણાં એ નીર પણ, તું કિનારે આવીને એ તાગવાની ટેવ રાખ.

અંજના ગાંધી "મૌનું" વડોદરા

---

**N0G SS No :- 0032**

શબ્દઃ- પ્રશંસા
શીર્ષકઃ પ્રશંસા
પ્રકાર :- પદ્ય

કોઈ કરે કે ના કરે
મને ગમતી ખુદથી
પ્રશંસા મને પ્યારી
જેવી છું હું એવી,
હુ પ્રભુ ને પ્યારી
મારી 'મા'ની દુલારી.
કરતી લાખ પ્રશંસા
મારી માવડી મારી
ધન્ય એના થકી હું.
કાલી ઘેલી હું મારા,
માતની બની હું
લાડકવાયી દીકરી.
સાચી ખોટી કરતી
પ્રશંસા , પણ એ
મારી માત કરતી..
તેથી હું ખૂબજ
ખુશ થાતી પણ
આજ કોણ કરશે
પ્રશંસા મારી...?
મારી માત થઈ ગઈ
પ્રભુને પ્યારી ..
આજ કોણ કરશે
પ્રશંસા મારી...?

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

**NOG SS No : 0013**

શબ્દઃ પ્રાણ પ્રકૃતિ, ટેવ કુટેવ, પ્રશંસા મા બાપની
પ્રકાર પદ્ય
શીર્ષક લાગણી

મળી છે પ્રાણ સાથે પ્રકૃતિ કેવી મા બાપને.
જે સદાય ને માટે દુઃખમાં રાચે જ છે ને!
દુઃખ કે પીડા મારી હોય કે તમારી બસ
એતો
પોતાની સમજી ને કેવી પંપાળ્યા જ કરે છે ને!
જુઓ આ કળિયુગ અને નિહાળો આજની ધૃષ્ટતાને,
દીકરો કરે એશોઆરામ, બાપ ઢસરડાં કરે જ છે ને.
સોમરસ પી પી , કરે કિડની ખરાબ દીકરો,
અને મા કિડની આપી, જાય જ છે ને સ્વર્ગધામે .
ત્યાં પણ આજીજી કરી પ્રશંસા કરે દીકરાની,
ભલે લાગે બધાંને એ ગાંડપણની નિશાની.

ઘનશ્યામ વ્યાસ મુંબઈ,કાંદિવલી.

---

**NOG SS No : 0079**

વિષય ટેવ-કુટેવ
શીર્ષકઃ ટેવ -કુટેવ
પદ્ય

મારે કરવી એક ખાનગી વાત
તેની ચર્ચા ન કરશો દિન રાત
મને રોજ જોવું ગમે સુંદર પ્રભાત
તારા ગણવામાં ગુજારું હું રાત
એને ટેવ ગણું કે કુટેવ ગણું
મને આપો એક સાચો જવાબ
ઉઠાવાના સમયે માને પજવું
ઝટપટ દૂધ પીને દોટ મૂકું
શાળામાં રોજ હું મોડી પહોંચું
માસ્તરની ત્રાંસી નજરમાં ખુંચુ
ભણવામાં નંબર પહેલો રાખું
શિક્ષાનો કોઈદિ સવાદ ન ચાખું
ખગોળ શાસ્ત્રમાં તારા જેમ ચમકું
પ્રભાતનું હું આબેહૂબ વર્ણન કરું
બહેનને ઊંઘ ખલેલ પહોંચાડું
ભાઈને ઘણાં સવાલો પૂછી રંજાડું
મારી અગણિત આકાંક્ષા સંતોષું
કુદરત સાથે દિલનાં તાર સાંધુ
આને ટેવ ગણું કે કુટેવ ગણું
કેમ કરી મનની ઉલઝન સૂલઝું

પ્રવિણા કડકિઆ , અમેરિકા

---

### સિસોદિયાએ અમદાવાદમાં આપનો રોડ-શો યોજી શક્તિપ્રદર્શન કર્યું

# કેન્દ્રે આંદોલન કરી રહેલા ખેડૂતોની માગણી સ્વીકારવી જોઈએઃ સિસોદિયા

અમદાવાદ,તા.૬

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા મનિષ સિસોદિયાએ શનિવારે અમદાવાદમાં સ્થાનિક ચૂંટણી માટે પક્ષનું શક્તિપ્રદર્શન કરવા રેલીનું નેતૃત્વ કર્યું હતું. દિલ્હીમાં આંદોલન કરી રહેલા ખેડૂતોના મામલે સિસોદિયાએ જણાવ્યું કે કેન્દ્રની ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે ખેડૂતોની માગણીઓને સ્વીકારવી જોઈએ. તેમણે આક્ષેપ કરતા કહ્યું કે ભાજપે કેટલાક કોર્પોરેટ્સને લાભ કરાવવાના હેતુથી આ કાયદાઓ ઘડ્યા છે જેમાં ખેડૂતોના હિતોની અવગણના કરવામાં આવી છે. અમદાવાદ કોર્પોરેશનની ચૂંટણી અગાઉ આમ આદમી પાર્ટીએ રોજ શો યોજ્યો હતો.

દેશમાં શનિવારે ખેડૂતોએ ચક્કાજામનું આયોજન કર્યું ત્યારે મનિષ સિસોદિયાએ આ પ્રકારનું નિવેદન આપ્યું હતું. સિસોદિયાએ જણાવ્યું કે, દિલ્હીમાં ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે ત્યારે તેમનું દર્દ સરકારે સમજવું જોઈએ. કૃષિ કાયદાના મામલે ગુજરાતના કેટલાક ખેડૂરો પણ દિલ્હીમાં વિરોધ નોંધાવવા ગયા હતા.

શા માટે ખેડૂતોના હિતોને કોરાણે મુકીને ભાજપ ગણ્યાગાંઠ્યા કોર્પોરેટ્સને લાભ કરાવવા માટે કાયદો લાવ્યું તે સૌથી મહત્વનો મુદ્દો છે. જો ખેડૂતોના હિતમાં કાયદાઓ હોય તેવું ભાજપ માને છે તો શા માટે તેઓ ખેડૂતોની માગણીઓને સ્વીકારતા નથી. ખેડૂતોની માગણીઓના સરકારે સ્વીકારવી જોઈએ તેમ મનિષ સિસોદિયાએ જણાવ્યું હતું.

શું આમ આદમી ખેડૂતોનું સમર્થન કરે છે તેવું પૂછતાં સિસોદિયાએ જણાવ્યું કે, તેમની સરકાર તમામ કાયદાકીય પ્રવૃતિનું સમર્થન કરે છે. વિપક્ષ તરીકે કોંગ્રેસે પોતાની શાખ ગુમાવી હોવાથી આમ આદમી પાર્ટી પ્રજા માટે ભાજનો બીજો વિકલ્પ છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ભાજપની સરકાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૨૫ વર્ષ સુધી સત્તા પર રહી છતાં તે સારું આરોગ્ય માળખું અથવા શિક્ષણ માળખું આપી શકી નથી. ભાજપ પાયાની સુવિધા આપવામાં નિષ્ફળ ગઈ છે.

# અમદાવાદમાં મહિલાઓ અસુરક્ષિત, બાપુનગરમાં ચાલુ રીક્ષામાં મહિલાની કરાઈ છેડતી

અમદાવાદ,તા.૬

ગુજરાતના સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં મહિલાઓ સુરક્ષિત હોવાના દાવાઓ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે, પરંતુ આ દાવાઓને નકારતી એક ઘટના અમદાવાદના બાપુનગર વિસ્તારમાંથી સામે આવી છે.

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાંથી એક મહિલા છેડતીની ઘટના બની છે, જ્યાં ચાલુ રીક્ષામાં બે નરાધમોએ મહિલાને શારીરિક અડપલા કર્યા હતા. મહિલાએ બૂમાબૂમ કરતા આરોપી ભાગી ગયા હતા.પ્રાપ્ત જાણકારી મુજબ, પીડિત મહિલા શહેરના મેઘાણીનગરમાં રહે છે અને તે પોતાના કામ પતાવવા બાપુનગર ભીડભંજન ખાતે ગયા હતા. ત્યાંથી ઘરે જવા માટે રીક્ષામાં બેઠા હતા. જો કે રીક્ષામાં પહેલેથી મોઢે રૂમાલ બાંધી બે યુવકો બેઠા હતા. રીક્ષા ચાલક અલગ રસ્તે લઈ જતો હોવાનું જણાતા હેમાલીબેને કેમ અલગ રસ્તે લઈ જાવ છો તેમ કહ્યું હતુ.

જો કે રીક્ષામાં બેઠેલા બંન્ને યુવકોએ તેમના મોઢા પરથી રૂમાલ હટાવી મહિલાની શારીરક છેડછાડ કરવા લાગ્યા હતા.જો કે મહિલા તે બંન્ને યુવકોને ઓળખી ગયા હતા. ત્યારબાદ બંન્ને ભેગા થઈને હેમાલી બહેનને ધમકી આપી હતી કે, તારા માસીના દિકરાના છુટાછેડાની મેટરમાં વચ્ચે પડીશ તો તને અને તારા પરીવારને જાનથી મારી નાખીશ.

# ભેજાબાજ ટોળકીએ એન્ટિક ચેરમાં પૈસાનું રોકાણ કરવાના બહાને દોઢ કરોડની છેતરપિંડી આચરી

ધાનેરા,તા.૬

લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે આ કહેવતને સાર્થક કરતી ઘટના બનાસકાંઠામાં ધાનેરા તાલુકાના નાનામેડા ગામે બની છે. બનાસકાંઠામાં એક જ્વેલર્સ માલિક સાથે તેના મિત્ર સહિત ભેજાબાજ ટોળકીએ એન્ટિક ચેરમાં પૈસાનું રોકાણ કરવાના બહાને દોઢ કરોડની છેતરપિંડી આચરી છે. છેતરપીંડી આચરનાર ચાર શખ્સો સામે ગુનો નોંધી ધાનેરા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નાનામેડા ગામમાં રહેતા માસુંગભાઈ પટેલ ખેડૂત પુત્ર છે અને ધાનેરામાં જ્વેલર્સનો શોરૂમ ધરાવે છે જેમને તેમના મિત્ર ભરત ચૌધરીએ ૨૦૧૬ની સાલમાં સ્વિઝરલેન્ડમાં એક એન્ટિક નેકડ ચેરની વાત કરી હતી. તેમણે ખુરશીની વિશેષતાઓ જણાવતા કહ્યું હતું કે, ચેર પર એક કાચનો પદાર્થ છે જે ગ્રહો જોવામાં વપરાય છે અને આ ચેર ૧૬૦૦ વર્ષ જૂની છે. જેની કિંમત કરોડોમાં થાય છે જેમાં રોકાણ કરવાથી કરોડો રૂપિયાનો ફાયદો થશે. તેવી લાલચ આપી તેમને વિશ્વાસમાં લીધા હતા.

બાદમાં ભરત ચૌધરી સહિત ૪ ભેજાભાજ ટોળકીએ માસુંગભાઈ પાસે આ ચેરમાં રોકાણ કરાવ્યું હતું. ૨૦૧૬થી અત્યાર સુધી આ ચાર શખ્સોએ માસુંગભાઈ પાસેથી અલગ-અલગ સમયાંતરે કુલ ૧.૪૮ કરોડ રૂપિયા પડાવ્યા હતા. આ સમય દરમિાન આ ચારેય શખ્સોએ માસુંગભાઈને વિશ્વાસમાં લેવા માટે સ્વિઝરલેન્ડમાંથી આવેલા ભારતીય એમ્બેસીના સહી સિક્કાવાળો લેટરપેડ, મુંબઈ પોલીસ કમિશનરના ફોટા, મોબાઈલ નંબર અને પોલીસ મથકના સહી સિક્કાવાળો લેટરપેડ, રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયા અને સેન્ટ્રલ ઓફીસના લેટરપેડ વેગેર ડોક્યુમેન્ટ પણ વોટ્સએપ દ્વારા આપ્યા હતા.

જોકે, હવે પાંચ વર્ષ બાદ રોકાણ કરેલા પૈસા પરત માંગતા અને ચેર અંગે પણ કોઈ જ માહિતી ના આપતા માનસુંગભાઈએ આ શખ્સો પાસે ઉઘરાણી શરૂ કરી હતી અને બાદમાં આ શખ્સોએ તેમના પૈસા પરત આપવાની જગ્યાએ ઉઘરાણી કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપતા તેઓએ ધાનેરા પોલીસ મથકે આ ટોળકી સામે ફરિયાદ નોંધાવી છે.

## માણાવદરમાં ૩૦૦ કાર્યકરો ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા

# વેળવા,વેકરી,સીતાણા,ભીંડોરા,લીંબુડામાંથી ભાજપ કાર્યકરો જોડાયા હોવાનું કોંગ્રેસનું નિવેદન



આજરોજ માણાવદર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પટેલ સમાજ ખાતે તાલુકા તથા જિલ્લા પંચાયત ની ચુંટણી અનુસંધાને બપોરનાં ત્રણ વાગ્યે મીટીંગ યોજાયેલ તથા માણાવદર તાલુકા કોંગ્રેસ પાર્ટી નુ ચુંટણી કાર્યાલય બેંક ઓફ બરોડા સામે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકીયાના વરદહસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યામાં તાલુકાભરના કાર્યકરો હાજર રહેલ

માણાવદર ના જીજ્ઞેશભાઈ છૈયા ની ઓફીસથી ભરતભાઈ ડાંગર વેડવા ગામના ૧૦૦ જેટલાં ભાજપ કાર્યકરો મોટરસાયકલ રેલી કાઢી આજની મીટીંગ ખાતે હાજર રહી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકીયા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી વી.ટી.સીડા, જિલ્લા ચુંટણી પ્રભારી હરીભાઈ પટેલ ક્રિષ્ના પાર્ક રાજકોટ, જિલ્લા મહામંત્રી કિશોરભાઈ હદવાણી, મનોજભાઈ જોષી, સુરેશભાઈ મોરી, ચંદ્રેશભાઈ સવસાણી રાજકોટ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકીયા, બાંટવા શહેર કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ રાઠોડ, વંથલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ જિલ્લા કોંગ્રેસ ઉપ પ્રમુખ દિલીપભાઈ જશાણી, તાલુકા યુવા દળના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ બોરખતરીયા, તાલુકા સેવાદળના પ્રમુખ અરવિંદભાઈ હુંબલ તથા તાલુકા કોંગ્રેસ આગેવાન હરેશભાઈ છૈયા ની હાજરીમાં કોંગ્રેસ પક્ષના ચિન્હવાળો ખેસ પહેરી પ્રવેશ મેળવ્યો હતો તથા સિતાણા ગામે થી રાજુભાઈ સોલંકી ૧૦૦ કાર્યકરો સાથે ભાજપ છોડી કોંગ્રેસ માં પ્રવેશ મેળવ્યો આ તકે મીટીંગ માં ઉપસ્થિત તમામ કાર્યકર ભાઈઓએ તથા આગેવાનો દ્વારા દ્રઢપણે આવનારી જિલ્લા તાલુકા ની ચુંટણી કોંગ્રેસ પક્ષ જીતશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

## ચૂંટણી ટાણે ઇકો સેન્સેટીવ ઝોનનો મુદ્દો વિપક્ષી પાસેથી છીનવી લઇ ભાજપની ઝોળી મા નાંખી દીધો.

# રાજપીપળામા સાંસદ મનસુખભાઈ વસાવા સન્માન સમારંભ :ભાજપે એક કાંકરે બે પક્ષી માર્યા




રાજપીપળા તા૬

નર્મદા જિલ્લામા નગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક આવતા જ રાજકીય ગતિ વિધિઓ તેજ બની ગઈ છે. કોઈ જાહેરસભા કરી રહ્યા છે તો કોઈ સન્માન સમારંભ નું આયોજન કરી આગેવાનોને ભેગા કરી વોટ અંકે કરવા વિવિધ મુદ્દાઓ ની ધારદાર રજૂઆત થઇ રહી છે. જેમા બિટિપિ એ ઇકો સેંસિટિવ મુદ્દે લડત ઉપાડી તો ભાજપે એને સરકારમા રદ કરાવી ભાજપે આ મુદ્દો સફળ બનાવ્યો છેએ હવે ચર્ચા નો મુદ્દો બન્યો છે. આજે રાજપીપળા ખાતે સાંસદ મનસુખ વસાવા નો સન્માન સમારંભ યોજાયો જેમા ભાજપે એક કાંકરે બે પક્ષી માર્યા છે.ચૂંટણી ટાણે ઈકો સેન્સેટીવ ઝોનનો મુદ્દો વિપક્ષી પાસેથી છીનવી લઈ ભાજપની ઝોળીમા નાંખી દીધો.અને બીજો ૧૨૧ગામોના આગેવાનોને ભેગા કરી ચૂંટણી ટાણે આ કાયદો રદ કરી દેવામાં આવ્યો હોવાનું જણાવી રાજકીય ફાયદો મેળવવા નો પ્રયાસ શરૂ થયો છે

નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી જીતવા તમામ પાર્ટી ઓનો મુખ્ય મુદ્દો ઈકો સેન્સેટિવ નો ઉઠાવ્યો છે. ત્યારે તમામ વિપક્ષી પાર્ટીઓ પાસેથી સાંસદ મનસુખ વસાવાએ મુદ્દો આંચકી લીધો અને ભારતીય જનતા પાર્ટીએ હવે મુખ્ય મુદ્દો બનાવી દીધો અને એક જાહેર સન્માન સમારોહ રાખી ૧૨૧ ગામોના આગેવાનોને ભેગા કરી આ કાયદો રદ કરી દેવામાં આવ્યો હોવાનું જણાવી કોઈ પણ ખોટું બોલી ભરમાવે તો ભરમાશો નહીં ની જાગૃતિ લાવવાની કામગીરી શરૂ કરી છે. તાજેતરમાં ઈકોસેન્સેટિવ ઝોન ને લઈને નર્મદા જિલ્લામાં ડર માહોલ છે.અનેક વિરોધો વચ્ચે સરકારે એન્ટ્રી ઓ રદ કરી છે. હાલ સ્થાનિક સ્વરાજ ની ચૂંટણીઓ જાહેર છે ત્યારે BTP અને કોંગ્રેસ દ્વારા ઈકો સેન્સેટિવ મુદ્દો ઉઠાવી આ જાહેરાત એન્ટ્રી રદ એ કાયમી હલ નથી ચૂંટણી નેલીધે કરી છે. એવા પ્રચાર ને લઈને ભાજપ માં પણ એક ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.૧૨૧ ગામોના આગેવાનોને ભેગા કરી આ કાયદો રદ કરી દેવામાં આવ્યો હોવાનું જણાવ્યું ત્યારે ભરૂચ સાંસદ બજેટ સત્રમાં દિલ્હી ગયા હોય ૩૭૭ ની કલમ હેઠળ રજુઆત ની મુદત સ્પીકર પાસે થી મેળવી રજુઆત કરી અને ઈકો સેન્સેટિવ નોકાયદો નર્મદા માં થી રદ થાય એ મુદ્દે રજુઆત સંસદ માં કરી સરકારે આ કાયદો રદ કરવાની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે સ્થાનિક ૧૨૧ ગ્રામજનો વતી આકાયદો રદ કરાવનાર સાંસદ મનસુખ વસાવા નું રાજપીપલા ખાતે જાહેર સન્માન કરવા એક જાહેર સભાનું આયોજન કર્યું..જયાં એક હજાર થી વધુ લોકોવચ્ચે જાહેરાત મનસુખ વસાવા એ કરી કોઈ પણ હવે ઈકોસેન્સેટિવ ઝોન બાબતે કાઈ પણ કહે ભરમાશો નહીં. સમજો રદ થઈ ગયો છે. હજુ આપણે ઘણું વિકાસના કામોકરવાના છેએમ કહી સૌનો આભાર માન્યો હતો

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

## ૧૯ વર્ષ પછી વસંત પંચમીના દિવસો આવો સંયોગ રચાશે

# આ વર્ષે ૧૬ મીએ વણજોયું મુહૂર્ત એટલે કે વસંતપંચમીએ એક પણ લગ્નનું મુહૂર્ત નથી.



રાજપીપળા,તા. ૬

વસંત પંચમીએ કોઈ પણ શુભ કાર્યમાં મુહર્ત જોયા વિના અનેક લગ્ન થતા હોય છે. પરંતુ આ વર્ષે વણજોયું મુહૂર્ત એટલે કે વસંત પંચમીએ એક પણ લગ્નનું મુહૂર્ત ન હોવાનું જ્યોતિષીઓ જણાવી રહ્યા છીએ. ગુરુ- શુક્ર અસ્ત તેમજ ભાગી તીથી હોવાથી વસંત પંચમી અને એક પણ મુહૂર્ત નથી. જ્યોતિષશાસ્ત્રીઓ જણાવી રહ્યા છે.કે ૧૯ વર્ષ પછી વસંત પંચમીએ પણ મુહૂર્ત નથી.૧૮ જાન્યુઆરીએ વર્ષનું પહેલું શુભ મુરત હતું પરંતુ હવે પછી કોઈ મુહૂર્ત નથી.ત્યારે ૧૯ વર્ષ પછી વસંત પંચમી ના દિવસો આવો સંયોગ રચાતી પંચાગ અનુસાર વર્ષ ૨૦૨૧ માં વતન પંચમી ૧૬ ફેબ્રુઆરીના રોજ મનાવવામાં આવશે આ દિવસે રેવતી નક્ષત્ર રહેશે અને ચંદ્ર મીન રાશિમાં રહેશે.

વસંત પંચમીના દિવસે સરસ્વતીની પૂજા કરવાથી જીવનમાં વિશેષ લાભ પ્રાપ્ત થશે આ દિવસે ગુરુ શુક્ર અસ્ત તેમજ ભાગી તીથી હોવાથી લગ્ન મુહૂર્ત નથી વસંત પંચમી એ એવું કહેવાય છે કે લગ્ન કરવા માટે મુહૂર્ત જોવાની જરૂર પડતી નથી તેમ કહેવાય છે. જાન્યુઆરીમાં મકરસંક્રાંતિએ સૂર્યના ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ સાથે ધનુમાસ સંપૂર્ણ થઈ જાય અને માંગલિક કાર્યની શરૂઆત થઈ ગઈ છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# નર્મદા જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાયા

## રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪ દરદીઓને આજે રજા અપાઈ




રાજપીપલાતા ૬

ૐફૈંઙ-૧૯ મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસરશ્રી ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે તા.૦૬ ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં ૯૧૨, એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૮૬૭ અને ટ્રૂ નેટ (True nat) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૧૮૪૬ નોંધાવા પામી છે.

રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪ દરદીઓને આજે રજા અપાતા, જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૮૯૯ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૧૮૧૫ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, હોમ આઈસોલેશનમા ૧૫ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૦૪ દરદીઓ, ભરૂચ ખાતે ૦૧ અને વડોદરા ખાતે ૦૮ દરદીઓ સહિત કુલ-૨૮ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૨૨ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૨૦૯ સહિત કુલ-૨૩૧ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૦૬ ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૩૭,૧૦૨ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૧૨ દરદીઓ, તાવના ૧૧ દરદીઓ, ઝાડાના ૧૪ દરદીઓ સહિત કુલ-૩૭ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૦૧૯૦ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯,૦૩,૩૨૯ લોકોને વિતરણ કરાઈ છે.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# શેરી ફેરિયાઓની આત્મ નિર્ભરતા માટે સ્વનિધિ સે સમૃદ્ધિ કેમ્પમાં મેયરશ્રી ઉપસ્થિત રહ્યાં



ગાંધીનગર:

શેરી ફેરિયાઓ આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તેના માટે તેમને વર્કિંગ કેપિટલ લોન અપાવવા વડાપ્રધાનશ્રી સ્ટ્રીટ વેન્ડર આત્મ નિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) નામની યોજના કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવી છે. જેના અંતર્ગત શેરી વિસ્તારમાં વ્યવસાય કરતા ફેરિયાઓને રૂપિયા ૧૦ હજારની લોન આપવામાં આવે છે. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આ સંબંધમાં યોજવામાં આવેલા કેમ્પમાં મેયરશ્રી રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં અને તેમના હસ્તે શેરી ફેરિયાઓને કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ યોજના અંતર્ગત લોન માટે અરજી કરેલા ફેરિયાઓને સામાજીક અને આર્થિક ધારા ધોરણ અંગેની માહિતી ભરવાની થતી હોય સ્વનિધિ સે સમૃદ્ધિ નામથી કેમ્પનું આયોજન સેક્ટર ૨૨ના રંગમંચ પર કરવામાં આવ્યુ હતું. જેમાં ઉપસ્થિત રહેલા લાભાર્થીઓની સોસિયો-ઈકોનોમિક પ્રોફાઇલ તૈયાર કરવામાં આવી હતી અને નિયમાનુસાર ઓનલાઈન અપડેટ કરવામાં આવી હતી.

ઉપરોક્ત યોજનાકીય સ્ટોલમાં ઉપસ્થિત રહીને મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા લાભાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ તકે કોર્પોરેટરશ્રી હર્ષાબા ધાધલ, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી પી. સી. દવે તથા મેડિકલ ઓફિસરશ્રી ડૉ. કલ્પેશ ગોસ્વામી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ફોટો ગેલેરી...






## સેક્ટર ૨૨માં મનપા દ્વારા ડામર રોડ નવીનીકરણ શરૂ: મેયરશ્રીએ સ્થળ મુલાકાત લીધી

ગાંધીનગર મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ અત્યાર સુધી તંત્ર દ્વારા નાણા ચૂકવીને રોડના નવીનીકરણની કામગીરી પાટનગર યોજના વિભાગ મારફત કરાવવામાં આવતી હતી. સ્માર્ટ સિટી અંતર્ગત હવે મહાનગર પાલિકા દ્વારા જ પ્રથમવાર સેક્ટર ૨૨માં પંચદેવ મંદિર પાસેથી રસ્તાના નવીનીકરણની કામગીરીની શરૂઆત શનિવારે કરવામાં આવી છે. ત્યારે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી.

મેયરશ્રી દ્વારા અધિકારીઓ સાથે વાત ચીત કરવાની સાથે મહાનગર પાલિકા દ્વારા જાતે જ કામ હાથ ધરવામાં આવ્યા છે, ત્યારે કામની ગુણવત્તા જળવાઈ રહે તે બાબત ખાસ જોવાની સુચના આપી હતી. ડામર રોડના નવીનીકરણની આ કામગીરી ટુંક સમયમાં પૂર્ણ કરાશે તેમ મેયરશ્રીએ જણાવ્યુ હતું.



**લંડનની મિલિયન સ્ટેમ નામની એક સંસ્થાએ અમેરિકામાં ફાઇનાન્સમાં માસ્ટર કરતી કાંદિવલી મુંબઈની ભવ્યા અતુલ રાવલને વિજ્ઞાન, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિતમાં ભાવિ પેઢીની નવી રોલ મોડેલ વિશ્વની ૫૦ મહિલામાં પસંદ કરી છે. તે કાંદિવલીની બાલભારતી સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં જ ભણી હતી. બાદમાં કાંદિવલી એજ્યુકેશન સોસાયટીની શ્રોફ કોલેજમાં બીએમએસમાં પ્રથમ આવી હતી. મૂળ હળવદની અને વલસાડમાં જન્મેલી ભવ્યા રાવલે આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે અન્ય અનેક પરીક્ષામાં પણ સિદ્ધિ મેળવી હતી.**

## ફોટો ગેલેરી......




## નાંદોદના મોવી ગામે મોટરસાયકલના લોનના હપ્તા ન ભરી શકતા

# ફાઈનાન્સ વાળા મોટરસાયકલ ખેંચી લઈ જતા મનમાં લાગી આવતા મોટરસાયકલ માલિકની આત્મહત્યા



રાજપીપળા,તા.૬

નાંદોદ તાલુકાના મોવી ગામે મોટરસાયકલના લોનના હપ્તા ન ભરી શકતા ફાઈનાન્સવાળા અધિકારીઓ, યુવાનની મોટરસાઈકલ ખેંચી લઇ જતા યુવાન અને મનમાં લાગી આવતાં મોટરસાયકલ માલિકે ઝેરી દવા પીને આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી છે.આ અંગે રાજપીપળા પોલીસ મથકમાં અકસ્માત મોતની ફરિયાદ નોંધાઈ છે.

બનાવની વિગત મુજબ વડીલાબેન જેમલભાઈ શકરાભાઈના પતિ જેમલભાઈ શકરાભાઈ વસાવા (રહે, ધાગર,નવીનગરી) મોટરસાયકલ હપ્તાની ફાઈનાન્સ ઉપર લોન લીધેલ જેનો હપ્તો બાકી રહી જતાં,મોટરસાયકલ ફાઈનાન્સ વાળા ખેંચી લઈ જતા ટેન્શનમાં આવી જતાં મનમાં લાગી આવતા તેઓ ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન જેમલભાઈનું મોત નિપજતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.